ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ૫૪૫૨ હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર થયુ

# આજથી શહેર-જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા

## જિલ્લાના ૫૦ હજાર વિદ્યાર્થીઓની કસોટી : જિલ્લાના ૧૪૦ પરિક્ષા સ્થળો પર કાર્યવાહી : જિલ્લામાં પરીક્ષાના તમામ વર્ગખંડોમાં સી સી ટીવી કેમેરાની વોચ : વિજિલન્સ સ્કોવોર્ડની ચાર ટીમો રાઉન્ડ લેશે

ગાંધીનગર તા ૭

ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાનો આજથી પ્રારંભ થશે. ગાંધીનગર જિલ્લામાંથી ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે.જિલ્લામાં ૧૪૦ જેટલા પરિક્ષા સ્થળોએ પરિક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.પરિક્ષા દરમિયાન વર્ગખંડોમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ વર્ગખંડોને સી સી ટીવી કેમેરાની વોચ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. પરિક્ષા દરમિયાન શિક્ષણ બોર્ડની ચાર વિજિલન્સ સ્કોવોર્ડની ટીમો પણ સતત રાઉન્ડ લેશે.

આજથી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાંથી ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે જેમાં ધોરણ-૧૦માં ૨૯૮૧૬, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩૮૬૯ અને વિજ્ઞાન પ્રવાહમાં ૫૮૧૦ વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં હાજરી આપશે. ધોરણ-૧૦ માટે ૭૯, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૩૫ તેમજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની કસોટી માટે ૨૬ પરિક્ષા સ્થળો પર કાર્યવાહી હાથ ધરાશે.બોર્ડ પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર અને પરિક્ષા બોર્ડ દ્વારા જરૂરી તમામ આયોજન કરી દેવામાં આવ્યુ છે. પરિક્ષા સેન્ટરો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા ઉપરાંત પરિક્ષા કેન્દ્રોને ધ્યાને લઈ જરૂરી પોલીસ બન્દોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ પરિક્ષા સ્થળો પર સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે. જયારે ૨૦૦ જેટલા પરિક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરા ન હોય તેવા સ્થળે ટેબલેટ મુકવામાં આવ્યા છે. પરિક્ષા માટે શિક્ષણ બોર્ડ દ્વારા વિજિલન્સ સ્કોવોર્ડની કુલ ૬૬ ટીમો નિયત કરવામાં આવી છે. આ પૈકી ૪ ટીમો ગાંધીનગર જિલ્લામાં રાઉન્ડ લેશે. આ ઉપરાંત સી સી ટી વી કેમેરાના ફુટેજનુ બોર્ડ ખાતેના સેન્ટરમાં લાઈવ સ્કીનીંગ કરવામાં આવશે.

### માનવશાસ્ત્રના તજજ્ઞોની હેલ્પલાઈન કાર્યરત રહેશે

પરિક્ષા દરમિયાન કોઈપણ વિદ્યાર્થીઓ મુંઝવણ કે હતાશાના શિકાર થાય તેને મદદરૂપ થવા માટે શિક્ષણ તંત્ર દ્વારા માનવ શાસ્ત્રના તજજ્ઞોની હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. પરિક્ષા દરમિયાન પણ આ હેલ્પલાઈન કાર્યરત રહેશે. જેમાં માનવશાસ્ત્ર વિષયના રીટાબેન ગાંધી મો-૯૪૨૯૬૦૧૭૮૭, શ્રુતિ એ સુથાર મો-૯૧૭૩૧૪૦૮૦૪ તેમજ સોનલબેન બી પટેલનો મો-૯૮૯૮૦૩૪૦૦૯ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

### શિક્ષણમંત્રી ગુલાબ આપી શુભેચ્છા પાઠવશે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થનારી બોર્ડ પરિક્ષાના પ્રારંભે રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સવારે ૯ કલાકે કડી કેમ્પસ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓન શુભેચ્છા પાઠવશે. વિદ્યાર્થીઓને ગુલાબના ફુલ તેમજ ચોકલેટ આપી પરિક્ષાની શુભેચછા પાઠવવામાં આવશે. જયારે સે-૭ ચૌધરી વિદ્યાલયમાં પણ શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી વિદ્યાર્થીઓને પરિક્ષાની શુભેચ્છા પાઠવશે રાજય કક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી પણ સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવશે..

### જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાનો આજથી પ્રારંભ થનાર છે. જયારે બોર્ડ પરિક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુંઝવણ ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કેચેરીમાં કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. પરિક્ષાલક્ષી કોઈપણ મંઝવણ માટે વિદ્યાર્થી કન્ટ્રોલરૂમનો સંપર્ક કરી શકશે. કન્ટ્રોલ રૂમની મદદ માટે ૨૩૨૫૯૦૬૬ નંબર પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

### ધો-૧૦માં ગુજરાતી અને ૧૨માં ભૌતિકવિજ્ઞાનનુ પેપર

બોર્ડ પરિક્ષામાં જિલ્લામાંથી ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે જયારે આ પરિક્ષાને અનુલક્ષી વિવિધ વિષયના શિક્ષકો પણ વિદ્યાર્થીઓને હેલ્પાલાઈનના માધ્યમથી માર્ગદર્શન પુરુ પાડશે.ધોરણ - ૧૦ અને ૧૨ ની બોર્ડ કસોટીનો આજથી પ્રારંભ થશે જેમાં ધોરણ -૧૦માં પ્રથમ ગુજરાતી વિષયની પરિક્ષા લેવાશે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મુળ તત્વો અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનની કસોટી યોજાશે.

## જિલ્લાની ૫૮ શાળામાં આચાર્ય નથી તો ૪૬ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં ૫૮ આચાર્યની અને ૪૬ શિક્ષકોની જગ્યા ખાલી હોવા છતાં મેરા ગાંધીનગર મહાનના નારા શિક્ષણપ્રેમીઓ લગાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણની કથળેલી હાલતની તસ્વીર વિધાનસભા ગૃહમાં બહાર આવી છે.

જિલ્લાની ૬ સરકારી શાળાના આચાર્યો અને ગ્રાન્ટેડ શાળાના ૫૨ આચાર્યોની જગ્યા ખાલી છે. તો સરકારી શાળાઓમાં ૯ શિક્ષકો અને ગ્રાન્ટેડ શાળાઓમાં ૩૭ શિક્ષકોની મળી ૪૬ જગ્યાઓ ખાલી છે.

ગાંધીનગરમાં ૪ સરકારી ઉચ્ચત્તર મા. શાળા છે ૧૦૧ અનુદાનિત શાળાઓ તો ૧૩૦ ખાનગી શાળાઓ આવેલી છે.

ગાંધીનગર જિલ્લામાં છએલ્લા પાંચ વર્ષમાં શિક્ષણ વિભાગને ૯૨ અરજીઓ નવી શાળા શરૂ કરવા માટેની હતી અને જે પૈકી ૫૯ શાળાઓ ખોલવાની મંજૂરી શિક્ષણતંત્રએ આપી છે. ૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી.

જિલ્લામાં શિક્ષણ જેવા સંવેદનશીલ વિભાગ માટે જે તંત્ર ઉદાસીન વલમ અપનાવી રહ્યું છે તેને લઈ લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

સરકારે વિધાનસભાગૃહમાં જેમ બને તેમ જલ્દીથી ખાલી જગ્યાઓ ભરવાની હૈયાધારણ આપી છે. સરકારી શાળાના આચાર્યોની બઢતીનો મુદ્દો ન્યાયાધીન છે. તો ગ્રાન્ટેડ શાળાઓણાં આચાર્યોની ભરતી કરવામાં આવશે. મદદનીશ શિક્ષકોની ખાલી જગ્યા પર ફાજલ પડેલા શિક્ષકોને સમાવવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે.



(તસવીર : વિનોદ રાઠોડ)

વિશ્વ મહિલા દિવસ - વિશ્વ મહિલા દિવસે દેશ અને દુનિયામાં નારી સશક્તિકરણના પ્રવચનો અને પરિસંવાદો યોજાશે... સન્માનો અને સમારંભો યોજાશે... નારી શક્તિની વાહ-વાહ કરી સૌ ઈતિશ્રી માનશે.... પરંતુ આ બધુ જ શહેરી વિસ્તારોમાં અનુભવાશે... અંતરિયાળ ગામો અને શ્રમિક વિસ્તારોમાં મહિલાઓને માથે પાર વિનાની જવાબદારીઓ હોય છે... પરિવારની માવજત, આર્થિક ઉપાર્જન અને સાથે સાથે બાળ ઉછેરની જવાબદારી તો છે અને છે જ... સવારે ઘરની રસોઈ બનાવી પોતે શ્રમ કરવા જતી મહિલાઓની આ તસવીર અનેક સુચિતાર્થો વ્યક્ત કરે છે....

## પાંચ વર્ષમાં જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યામાં ૭૪ પરિવારો ઉમેરાયા

### જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા ૪૪,૫૦૮ છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની સંખ્યા ૪૪,૫૦૮ છે. જિલ્લામાં પાંચ વર્ષમાં ૭૪ પરિવારો બીપીએલની યાદીમાં ઉમેરાયા છે.

આ પરિવારોમાં ૦ થી ૧૬નો ગુણાંક ધરાવતા પરિવારોની સંખ્યા ૧૩,૮૩૯ છે જ્યારે ૧૭થી ૨૦નો ગુણાંક ધરાવતા પરિવારોની સંખ્યા ૩૦,૬૬૯ છે.

મળતી વિગતો પ્રમાણે ૩૧-૩-૧૫ની સ્થિતિએ જિલ્લામાં વધુ ૧૨૫ પરિવારોને સમાવવા જોઈએ તેવી અરજીઓ જિલ્લાતંત્રને મળી હતી. જેમાં ૨૦૧૦-૧૧માં ૩૯, ૨૦૧૧-૧૨માં ૧૯, ૨૦૧૨-૧૩માં ૩૨, ૨૦૧૩-૧૪માં ૧૦ અને ૨૦૧૪-૧૫માં ૨૫ અરજદારોએ આવી અરજી કરી હતી.

જે પૈકી જિલ્લાતંત્રએ ૭૪ અરજીઓ ગ્રાહ્ય રાખી છે અને ૫૧ અરજીઓ નામંજૂર કરી છે.

૨૦૧૦-૧૧માં ૩૯ અરજીઓ, ૨૦૧૧-૧૨માં ૧૯ અરજીઓ, ૨૦૧૩-૧૪માં

● અનુસંધાન પાન-૫ પર

## જિલ્લામાં ૫૪૫૨ હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર થયુ

### ઉનાળુ બાજરી, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર નોંધપાત્ર મગફળી, મગ અને તલનું વાવેતર પણ નોંધાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં શિવરાત્રીના પર્વ પછી ઉનાળુ વાવેતર માટેનો માહોલ વધુ ગતિ પકડશે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૫૪૫૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

ગાંધીનગર જિલ્લામાં રવિ પાકના ઉત્પાદનો ધીમી ગતિએ બજારમાં પ્રવેશી રહ્યા છે તો બીજી તરફ ઉનાળુ વાવેતરમાં પણ ખેડૂતો વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૪૫૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે જેમાં સૌથી વધુ વાવેતર દહેગામ પંથકમાં નોંધાયું છે. આ પછી ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકા આવે છે.

જિલ્લામાં આ વખતે પણ ખેડૂતોએ ઘાસચારાના પાકનું વાવેતર વધુ કર્યું છે. જો કે ઉનાળુ બાજરીનું વાવેતર અત્યાર સુધીમાં ૩૧૮૧ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. જેમાં દહેગામમાં ૧૧૩૬ હેક્ટર, ગાંધીનગરમાં ૯૫૩ હેક્ટર, માણસામાં ૬૩૫ હેક્ટર અને કલોલમાં ૪૫૫ હેક્ટરનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ઉનાળુ શાકભાજીનું વાવેતર પણ સારૂ થયું છે. જિલ્લામાં ૧૩૨૩ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર થયું છે. જેમાં દહેગામમાં ૭૪૫, કલોલમાં ૨૧૫, ગાંધીનગરમાં ૧૮૫ અને માણસામાં ૧૭૮ હેક્ટરનો સમાવેશ થાય છે.

ઉનાળુ મગફળી અને ઉનાળુ મગનું વાવેતર ૧૦૦ હેક્ટર કરતાં પણ ઓછુ નોંધાયું છે. તો તલનો પાક પણ માત્ર ૧૧ હેક્ટરમાં જોવા મળ્યો છે.

જિલ્લામાં ઉનાળુ પાકોનું વાવેતર ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં થવાનો અંદાજ છે. જો કે શિવરાત્રી પછી વાવણીના કાર્યમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યું છે.



મુક સેવકને અંજલિ - ગુજરાતના મુક સેવક પૂજ્ય રવિશંકર મહારાજના જન્મદિને શહેરની મધ્યમાં મહારાજની પ્રતિમા પર પુષ્પાંજલિનો કાર્યક્રમ મહાશિવરાત્રીની પાવન પ્રભાતે યોજાયો હતો. જેમાં શહેરના આગેવાનો જોડાયા હતા.

## ભોળાનાથની ભકિતમાં ભાવિકો તરબોળ થયા





### શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા : શિવરાત્રીની ઉજવણી અન્વયે શિવાલયોમાં શિવપુજા ભજન,ધુન,યજ્ઞ, મહાઆરતી તેમજ રાત્રિના ચાર પ્રહરની પુજામાં ભાવિકોની ભીડ જામી : સે-૨૨ પંચદેવ મંદિર તેમજ ધોળેશ્વર મંદિરના મેળામાં ભાવિકો ઉમટ્યા

ગાંધીનગર તા ૭

ભોળાનાથની ભકિત અર્ચનાના પર્વ શિવરાત નિમિત્તે નગરના શિવાલયોમાં ભાવિકોની વિશેષ ભીડભાડ જોવા મળી હતી. શિવરાત્રિની ઉજવણી અન્વયે શહેરીજનો શિવભકિતથી તરબોળ થયા હતા. નગરના વિવિધ શિવમંદિરોમાં શિવલીંગ પર પાણી અને દુધનો અભિષેક કરવા માટે ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો. શિવરાત્રી નિમિત્તે શિવાલયોમાં લઘુરૂદ્ર,મહાયજ્ઞ,ભજન, ધુન ,સહીત શિવભક્તિના વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. રાત્રિ દરમિયાન પણ ચાર પ્રહરની પુજાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.બમબમ ભોલેના જયઘોષથી નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના પ્રગટી હતી.

ભગવાન શિવની પુજાથી ભાવિકોના પાપ ક્ષણવારમાં જ ધોવાતા હોવાની સાથે ભોળાનાથની કૃપાદ્રષ્ટીથી સઘળી મનોકામના પુર્ણ થતી હોવાની અતુટ શ્રધ્ધા સાથે આજે ભાવિકોએ શિવાલયોમાં શિવજીની વિશેષ પુજા અર્ચના કરી હતી. શિવરાત્રિની ઉજવણી અન્વયે નગરના શિવાલયોમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી.સમદર્શન આશ્રમમાં શિવ પંચાક્ષર મંત્રજાપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં પણ વૈદિક મંત્રોચ્ચાર સાથે ષોડસોપચાર પુજા કરવામાં આવી હતી. શહેર નજીક સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિરમાં ૧૧૧૦૧ રૂદ્રાક્ષના ફળો ભાવિકોને અર્પણ કરવામાં આવ્યા હતા. સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ સાંજે ૭ કલાકે ભજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.હોમાત્મક હવન , મહાઆરતી તેમજ રાત્રિના ચાર પ્રહરની પુજાવિધિ યોજવામાં આવી હતી. બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. સે-૩ ડી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ બરફના શિવલીંગનુ નિર્માણ કરી ભાવિકોએ અમરનાથ દર્શનનો લાભ લીધો હતો. સે-૨૨ પંચદેવ મંદિરમાં પણ ભજન, મહાઆરતી તેમજ વિશેષ પુજા અર્ચનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિવરાત્રી નિમિત્તે સે-૨૨ પંચદેવ મંદિર તેમજ ધોળેશ્વર મહાદેવ ખાતે મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ મુલાકાત લીધી હતી. શહેર તેમજ જિલ્લાના વિવિધ શિવમંદિરોમાં ભાવિકો દર્શન માટે ઉમટ્યા હતા. શહેર નજીક સ્થિત વાસણ મહાદેવ મંદિર ખાતે પણ ભાવિકોની વિશેષ ભીડ જોવા મળી હતી.

ગાંધીનગરનું અત્યાધુનિક બ્યુટી સેન્ટર
નારીત્વને સલામ
કરે છે અને ઉજવે છે
મહિલા સપ્તાહ
(૮થી ૧૪ માર્ચ, ૨૦૧૬)
હેર કટ માત્ર રૂા. ૫૧ (માત્ર ૮મી માર્ચે)
ફેશિયલ ૪૦% ડિસ્કાઉન્ટ
હેર ટ્રીટમેન્ટ ૩૦% ડિસ્કાઉન્ટ
સ્કિન ટ્રીટમેન્ટ ૩૦% ડિસ્કાઉન્ટ
ક્રેક્ડ હીલ્સ ટ્રીટમેન્ટ વિથ પેડીક્યોર માત્ર રૂા. ૧૦૦૦/-
અન્ય ઓફર્સ પણ ઉપલબ્ધ
ગરીબ અને જરૂરિયાતમંદ દીકરીઓ માટે બ્યુટી પાર્લર કોર્સ તદ્દન ફ્રી
આ ઉપરાંત હેર, મેક-અપ, હેર સ્ટાઈલ કોર્સમાં ૩૦થી ૮૦% ડિસ્કાઉન્ટ
We Make You Better
AmritTara
FOR WOMEN ONLY
પ્લૉટ નં. ૪૯૮/૧, સૅક્ટર-૭ બી, ગાંધીનગર
મો. ૯૯૨૪૩૮૨૪૫૮

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com